# શાળાકીય પ્રવૃત્તિઓ

**તા. ૧૫/૪/૨૫ થી૨૪/૪/૨૫ : "રામાયણ પઠન"** શાળાના વિદ્યાર્થીઓમાં સ્થિરતા પ્રગટે, વિદ્યાર્થીઓ ધ્યાન કેન્દ્રિત કરતા શીખે, તેમના જીવનમાં આધ્યાત્મિક ગુણો કેળવાય તેમજ ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા માટે તેઓ એકાગ્રતાથી ચિત પરોવી વાંચન પ્રક્રિયામાં જોડાય અને વાંચનથી શ્રેષ્ઠ વિચારો કેળવી શકે તેવા ઉદેશ્યોથી શાળામાં "રામાયણ વાંચન" ની નવતર પ્રવૃતિ યોજવામાં આવી. પ.પૂ.શ્રી નારાયણ બાપુના આશ્રમ ખાતે શાળાના ધો. ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ દ્વારા "આદિ કવિ શ્રીવાલ્મિકી મુનિ રચિત રામાયણ" નું વાંચન કરવામાં આવ્યું. **આ પ્રસંગે પ.પૂ. ત્રિલોચના દેવી સાધ્વીજી તથા શિષ્યા મનુબેનજી તથા કાર્યક્રમની પૂર્ણાહુતિ માટે સ્વામી શ્રી મુકતાનંદજી ઉપસ્થિત રહ્યા હતા.**



**તા. ૧/૬/૨૫ : ભરૂચ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ પર્યાવરણ દિન અંતર્ગત વોકયોન અને સાયકલોથોન રેલી** નું આયોજન કલેકટર કચેરી ખાતેથી કરવામાં આવ્યું હતું.આ રેલીમાં શાળાના ધો. ૯ ના વિદ્યાર્થીઓ તથા શાળાના શિક્ષકશ્રીઓ ચીમનભાઇ પરમાર અને કૌશિકભાઇ મિસ્ત્રીએ ભાગ લીધો હતો.



**તા. ૩/૭/૨૫ : નારાયણ વિદ્યાલય અને ભરૂચ જીલ્લા સહકારી સંઘ ના સંયુકત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ: ૨૦૨૫ ની ઉજવણી** ના ભાગરૂપે શાળામાં નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પધામાં ધો-૯ થી ૧૧ ના કુલ – ૨૨ વિદ્યાર્થીઓએ "સહકારિતા" વિષય પર નિબંધ લખ્યા હતા. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને દી ભરૂચ જીલ્લા સંઘ મહિલા સમિતિના ચેરમેન શ્રીમતી નીરૂબેન આહિર,જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી,ભરૂચના ઓડિટર શ્રી સુનિલભાઇ માહલા તથા સીનીયર કલાર્ક શ્રી દિપેશભાઇ પટેલના હસ્તે રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ તથા સ્પર્ધાના કન્વીનર શ્રી અલ્પેશભાઇ પટેલ તથા શ્રીમતી મનિષાબેન જાદવ હતા.



**તા. ૧૧/૮/૨૫ : હર ઘર તિરંગા અંતર્ગત હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ "તિરંગા યાત્રા"** માં શાળાના ધો. ૧૧ ના ૬૭ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો શ્રી પરેશભાઇ પટેલ અને શ્રી અલ્પેશભાઇ પટેલ હાજર રહ્યા હતા.

